ક્લોઝિંગ સેરમનીમાં રિકી માર્ટિન, ફાલ્ગુની પાઠક અને સુખબીરે જમાવ્યો રંગ



અમદાવાદ, તા. 8: ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના ટી-૨૦ વર્લ્ડકપના ફાઈનલ જંગ પહેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એક ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિશ્વ વિખ્યાત પોપ આઈકોન રિકી માર્ટિને પોતાના સુપરહિટ ગીતો 'લિવિન લા વિદા લોકા' અને 'ધ કપ ઓફ લાઈફ' દ્વારા સ્ટેજ પર ધૂમ મચાવી હતી. લેટિનો ગાયકની આ પ્રસ્તુતિએ આખા સ્ટેડિયમને ઝૂમતું કરી દીધું હતું. ભારતીય કલાકારોએ પણ મેદાનમાં સંગીતનો માહોલ ગરમાવ્યો હતો. 'ડાંડિયા ક્વીન' ફાલ્ગુની પાઠકે અંદાજે 50 ડાન્સર્સ સાથે ગુજરાતી લોકગીતો અને બોલિવૂડ ગીતો રજૂ કરી કાર્યક્રમનો શાનદાર પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ 'પ્રિન્સ ઓફ ભાંગડા' સુખબીરે 'ઓ હો હો હો' અને 'તારે ગિન ગિન' જેવા હિટ ગીતોથી દર્શકોમાં જોશ ભરી દીધો હતો. આ અવસરે ICC અધ્યક્ષ જય શાહ પણ પરિવાર સાથે સંગીતનો આનંદ માણતા નજરે પડ્યા હતા. સંગીતના આ સુમેળભર્યા માહોલે ફાઈનલ મેચ પહેલાં ચાહકોના ઉત્સાહને ચરમસીમાએ પહોંચાડી દીધો હતો. મેચ પહેલાં મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા ટ્રોફી લઈને મેદાનમાં આવ્યા હતા જેમને જોઈ પ્રેક્ષકોએ જોશમાં આવી રોહિત-રોહિત અને ધોની-ધોનીના નારા લગાવ્યા હતા.

ભારતે ફાઈનલમાં ખડક્યો 255 રનનો પહાડ

સંજુ સેમસન (89), અભિષેક શર્મા (52) અને ઈશાન કિશનની (54) તોફાની બેટિંગ

ભારતે પાવરપ્લેમાં જ 92 રન બનાવી લીધા હતા

અમદાવાદ, તા. 8 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડકપની ફાઈનલમાં રવિવારે ભારતીય બેટ્સમેનોએ ન્યુઝીલેન્ડના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું હતું. સંજુ સેમસનની વિસ્ફોટક 89 રનની ઈનિંગ અને અભિષેક શર્માની તોફાની અડધી સદીની મદદથી ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 255 રનનો રેકોર્ડબ્રેક સ્કોર નોંધાવ્યો હતો.

મેચની શરૂઆતથી જ ભારતીય ઓપનરોએ આક્રમક વલણ અપનાવ્યું હતું. અભિષેક શર્માએ માત્ર 21 બોલમાં 52 રન ફટકારીને કિવિઝ બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. તેણે જેકોબ ડફીની ઓવરમાં પાંચ ચોગ્ગા ફટકારીને પાવરપ્લેમાં જ ભારતને મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. બીજી તરફ, સંજુ સેમસને 46 બોલમાં 89 રનની યાદગાર ઈનિંગ રમી હતી, જેમાં 8 ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે. સેમસને લોકી ફર્ગ્યુસન અને મેટ હેનરી જેવા ઝડપી બોલરોને પણ સાધારણ સાબિત કરી દીધા હતા. આ ઈનિંગ સાથે સેમસને છેલ્લા એક દાયકાથી તેની ક્ષમતા પર સવાલ ઉઠાવનારા ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતના ટોપ ઓર્ડરે જે રીતે પ્રદર્શન કર્યું તેમાં ઈશાન કિશનનો પણ મહત્વનો ફાળો રહ્યો હતો. તેણે માત્ર ૨૫ બોલમાં ૫૪ રન ફટકારી ન્યુઝીલેન્ડની મુશ્કેલીઓ વધારી દીધી હતી. ભારતે પાવરપ્લેમાં જ 92 રન લૂંટી લીધા હતા. ન્યુઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેન્ટનર દ્વારા ટીમ સિલેક્શનમાં થયેલી ભૂલનો ભારતે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. સેન્ટનરે ઓફ-સ્પિનર કોલ મેકકોન્ચીને પડતો મૂકીને ડફીને રમાડવાનો નિર્ણય લીધો જે ખોટો સાબિત થયો. અભિષેક અને સેમસન વચ્ચે પ્રથમ વિકેટ માટે 98 રનની અને ત્યારબાદ સેમસન-કિશન વચ્ચે 105 રનની ભાગીદારી નોંધાઈ હતી. જોકે જિમ્મી નીશમે ૧૬મી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપીને અંકુશ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ભારતે મેચ પર પોતાની પકડ મજબૂત કરી લીધી હતી.

ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સૌથી વધુ ટીમ સ્કોર

ટીમ	હરીફ	સ્થળ	સ્કોર	વર્ષ
ભારત	ન્યૂઝીલેન્ડ	અમદાવાદ	255/5	2026
ભારત	ઈંગ્લેન્ડ	મુંબઇ	253/4	2026
વેસ્ટ ઈન્ડિઝ	ઓસ્ટ્રેલિયા	કોલંબો	205/5	2012
ઓસ્ટ્રેલિયા	પાકિસ્તાન	ગ્રોસ આઇલેટ	197/7	2010
વેસ્ટ ઈન્ડિઝ	ભારત	મુંબઇ	196/3	2016

ભારત	રન	બોલ	4	6
સેમસન કો મેકકોનચી બો નિશામ	89	46	5	8
અભિષેક કો સેફર્ટ બો રવિન્દ્ર	52	21	6	3
ઈશાન કો ચેપમેન	54	25	4	4
હાર્દિક કો સેન્ટનર બો હેનરી	18	13	1	1
સૂર્યકુમાર કો રવિન્દ્ર બો નિશામ	0	1	0	0
તિલક અણનમ	8	6	0	0
શિવમ અણનમ	26	8	3	2
વધારાના	8			
કુલ 20 ઓવરમાં 5 વિકેટે	**255 રન**			
1-98, 2-203, 3-204, 4-204, 5-226				

બોલિંગ	O	M	R	W
મેટ હેનરી	4	0	49	1
ગ્લેન ફીલીપ્સ	1	0	5	0
જેકબ ડફી	3	0	42	0
લોકી ફર્ગ્યુસન	2	0	48	0
મિચેલ સેન્ટનર	4	0	33	0
રચિન રવિન્દ્ર	2	0	32	1
જેમ્સ નિશામ	4	0	46	3

મોટેરામાં ફરી 'બ્લુ દરિયો' છવાયો, અમદાવાદ રંગાયુ ત્રિરંગાના રંગમાં

2023થી વિપરીત આ વખતે લોકોમાં મેચ જીતવાનો પાકો વિશ્વાસ જોવા મળ્યો

સ્ટેડિયમમાં દેખાઈ દ્વારકાધીશની શ્રદ્ધા અને ચાહકોનો જોશ

સેન્ટનરે સ્ટેડિયમમાં ભારત તરફી ચાહકો વધુ હોવાનું કબૂલ્યું

આ ભારે શોર વચ્ચે ન્યુઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેન્ટનરે મેચ પહેલા એક હૃદયસ્પર્શી સંદેશામાં કબૂલ્યું હતું કે, 'અમે 140 કરોડ ભારતીય ચાહકો સામે સંખ્યાબળમાં ઓછા પડી શકીએ છીએ, પરંતુ અમને અમારા દેશના લોકો પર ભરોસો છે.' તેણે કિવિઝ ચાહકોને વહેલી સવારે 2:30 વાગ્યે એલાર્મ સેટ કરીને મેચ જોવા વિનંતી કરી હતી.

અમદાવાદ, તા. 8 (પીટીઆઈ): નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગગનચુંબી ગુંબજો નીચે આજે રવિવારે ફરી એકવાર ઇતિહાસ રચાવા જઈ રહ્યો છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના ટી-20 વર્લ્ડકપના ફાઈનલ જંગને પગલે અમદાવાદના માર્ગો જાણે 'બ્લુ સમુદ્ર'માં ફેરવાઈ ગયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો હતો. 2023ના વર્લ્ડકપ ફાઈનલની કડવી યાદોને ભૂલીને, ભારતીય ચાહકો આ વખતે અજેય આત્મવિશ્વાસ સાથે સ્ટેડિયમમાં ઉમટી પડ્યા હતા. ગત ફાઈનલ કરતાં આ વખતે મોટેરાનો મૂડ કંઈક અલગ હતો. 19 નવેમ્બર 2023ની સવારે શહેરમાં જે ગભરાટ અને ચિંતા હતી, તેના સ્થાને આજે ઉત્સાહ અને વિજયનો પાકો વિશ્વાસ જોવા મળી રહ્યો હતો. બપોરના ઢળતા સૂર્ય સાથે જ તિરંગા અને બ્લુ જર્સીમાં સજ્જ ચાહકોનું ટોળું સ્ટેડિયમ તરફ વળ્યું હતું. સ્ટેડિયમની બહાર 'જીતેગા ભાઈ જીતેગા, ઈન્ડિયા જીતેગા'ના નારાથી આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. કેરળથી આવેલા ચાહકો સંજુ સેમસન અને વરુણ ચક્રવર્તીના પોસ્ટરો સાથે જોવા મળ્યા હતા, તો પુણેથી આવેલા સમર્થકો હાર્દિક પંડ્યાના 'ઓરા' પર ભરોસો મૂકી રહ્યા હતા. શ્રદ્ધાનો અનેરો સંગમ પણ જોવા મળ્યો જ્યારે દ્વારકાના એક ભક્ત ભારતની જીતની માનતા પુરી કરવા લાલાની (બાલ ગોપાલ) ની મૂર્તિ સાથે મેદાનમાં પહોંચ્યા હતા. દુબઈના એરસ્પેસ બંધ થવાને કારણે ઘણા બિનનિવાસી ભારતીયો (એનઆરઆઈ) અમદાવાદ પહોંચી શક્યા ન હતાં, છતાં સ્ટેડિયમમાં તેની કોઈ અસર જોવા મળી ન હતી.

સુરક્ષાની દૃષ્ટિએ અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ 3000 પોલીસ જવાનો અને એન્ટી-ડ્રોન સિસ્ટમ તૈનાત કરવામાં આવી હતી. ભીડને નિયંત્રિત કરવા માટે ઈતિહાસમાં પ્રથમવાર 'હોલ્ડિંગ એરિયા' બનાવવામાં આવ્યા હતા. હોટેલના રૂ. 2 લાખને પાર પહોંચેલા ભાવ અને ફ્લાઈટની મોંઘી ટિકિટો પણ ચાહકોના જોશને ઠંડો પાડી શકી ન હતી. ભારતની આ ટૂર્નામેન્ટમાં અવિરત સફરને જોતા, દરેક ભારતીયના મનમાં એક જ વાત છે - આ વખતે પણ કપ આપણો જ છે!

ટેસ્ટમાં ભારતીય મહિલા ટીમનો ઓસ્ટ્રેલિયા સામે કારમો પરાજય

એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન મહિલા ટીમે ભારતને 10 વિકેટે હરાવ્યું

આ મેચ સાથે જ એલિસા હીલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ

પર્થ, તા. 8 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે ભારત સામેની એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રવિવારે 10 વિકેટે શાનદાર વિજય મેળવી પોતાનો દબદબો સાબિત કર્યો છે. ભારતને બીજી ઈનિંગમાં માત્ર 149 રન પર સમેટી લીધા બાદ, ઓસ્ટ્રેલિયાએ જીતવા માટેનો 25 રનનો સામાન્ય લક્ષ્યાંક કોઈપણ નુકસાન વિના માત્ર 4.3 ઓવરમાં હાંસલ કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલી માટે આ વિદાય મેચ યાદગાર બની રહી છે.

બીજા દિવસના સ્કોર 6 વિકેટે 105 રનથી આગળ રમતા ભારતીય ટીમ 48.2 ઓવરમાં 149 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી પ્રતિકા રાવલે 137 બોલમાં 63 રનની લડાયક ઈનિંગ રમી હતી, પરંતુ એશલે ગાર્ડનરે સ્નેહ રાણા (30) અને પ્રતિકાની વિકેટ ઝડપી ભારતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી લુસી હેમિલ્ટને 32 રનમાં 3 વિકેટ ઝડપી હતી, જ્યારે મેચની સર્વશ્રેષ્ઠ ખેલાડી એનાબેલ સધરલેન્ડ અને એલેના કિંગાએ 2-2 વિકેટ મેળવી હતી.

ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે મેચ બાદ કહ્યું 'ટી-20 સિરીઝ જીત્યા બાદ વનડે અને ટેસ્ટમાં પ્રદર્શન જાળવી ન શક્યા, પરંતુ ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ એક સારો અનુભવ રહ્યો. બીજી તરફ, હીલીએ ટી-20ની હાર બાદ ટીમની જોરદાર વાપસી પર ગૌરવ વ્યક્ત કર્યું હતું.

ઓલ ઈંગ્લેન્ડ ઓપન: લક્ષ્ય સેન ઉપવિજેતા રહ્યો

કેમ્પના કારણે લક્ષ્ય શારીરિક રીતે 100 ટકા ફિટ ન હતો, ફાઈનલમાં ચીની તાઈપેઈના ખેલાડી સામે હાર્યો

બર્મિંઘમ, તા. 8 (પીટીઆઈ): ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેનનું ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયન બનવાનું સપનું રવિવારે ફરી એકવાર અધૂરું રહી ગયું હતું. પુરૂષ સિંગલ્સની હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં લક્ષ્ય સેન ચાઈનીઝ તાઈપેઈના લિન ચુન-યી સામે 15-21, 20-22થી પરાજિત થયો હતો. આ સાથે ભારતનો 25 વર્ષનો ખિતાબી દુષ્કાળ સમાપ્ત કરવાની તક હાથમાંથી નીકળી ગઈ હતી.

57 મિનિટ ચાલેલી આ રોમાંચક મેચમાં 24 વર્ષીય લક્ષ્ય સેને શરૂઆતથી જ સંઘર્ષ કરવો પડ્યો હતો. સેમીફાઈનલમાં રમાયેલી મેરેથોન મેચ અને સ્નાયુઓના ખેંચાણને (ક્રેમ્પ) કારણે લક્ષ્ય શારીરિક રીતે 100 ટકા ફિટ ન હતો, જેની અસર અંતિમ ક્ષણોમાં જોવા મળી હતી. બીજી ગેમમાં લક્ષ્ય પાસે 13-9ની લીડ હતી, પરંતુ લિન ચુન-યીએ વળતો પ્રહાર કરી સ્કોર સરભર કર્યો હતો. લક્ષ્યે એક ચેમ્પિયનશિપ પોઈન્ટ બચાવ્યો હતો, પરંતુ આખરે લિને બાજી મારી લીધી હતી. આ જીત સાથે લિન ચુન-યી ઓલ ઈંગ્લેન્ડ જીતનાર ચાઈનીઝ તાઈપેઈનો પ્રથમ ખેલાડી બન્યો છે. લક્ષ્યે હાર છતાં સમગ્ર ટૂર્નામેન્ટમાં તેના પ્રદર્શન પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઈરાન યુદ્ધ: સુરક્ષાના કારણોસર દોહામાં યોજાનારી ICC ની મહત્વની બેઠક મોકૂફ

આ બેઠક હવે આવતા મહિને યોજવામાં આવશે

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ કતારના દોહામાં 25 થી 27 માર્ચ દરમિયાન યોજાનારી તેની ત્રણ દિવસીય બેઠક સ્થગિત કરી દીધી છે. ICCના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠક હવે આવતા મહિને યોજવામાં આવશે. આ અંગેની સત્તાવાર માહિતી શનિવારે તમામ સભ્યોને મોકલી દેવામાં આવી હતી, જે અમદાવાદમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી T20 વર્લ્ડ કપની ફાઈનલના ઠીક એક દિવસ પહેલા લેવાયેલો મહત્વનો નિર્ણય છે. આ બેઠકમાં ICC બોર્ડના ડાયરેક્ટર્સ, ચીફ એક્ઝિક્યુટિવ્સ અને વરિષ્ઠ નેતૃત્વ દ્વારા વૈશ્વિક ક્રિકેટના વર્તમાન અને ભવિષ્યને લગતા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી. કતારમાં ક્રિકેટના વધતા વ્યાપ અને ત્યાંના ક્રિકેટ એસોસિએશન સાથેના સહયોગને પ્રોત્સાહન આપવા માટે દોહાની પસંદગી કરવામાં આવી હતી, પરંતુ પ્રવર્તમાન અશાંતિને કારણે આ આયોજન હાલ પૂરતું પાછું ઠેલવવામાં આવ્યું છે.

આજનું પંચાંગ

તા. 09/03/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિ: વદ: છઠ- 23:27 શ્રી એકનાથ **ષષ્ઠી**
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 18
નક્ષત્ર : વિશાખા: 16:12
યોગ : વ્યાઘાત **કરણ:** ગર
રાશિ: તુલા (ર,ત) 09:31 પછી વૃશ્ચિક (ન,ય)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:54
સુરતમાં સૂર્યાસ્ત : 18:44
નવકારસી : 07:42
પારસી વર્ષ : 1395 મહેર માસનો 27મોરોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 19મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ: સવારે: 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): અચાનક શુભ સમાચાર મળશે. અધ્યાત્મિક શાંતિ મળે. સરકારી યોજનાનો લાભ મળે. ઉધરાણી આવે.
વૃષભ (બ,વ,ઉ,): ઘરમાં ઉત્સવ જેવુ વાતાવરણ રહે. આવક વધે. સામાજિક યશ મળે. ઊંમર લાયકના વિવાહ થાય.
મિથુન (ક,છ,ઘ,): સરકારી નોકરિયાતને નવી જવાબદારી અને બદલીનો લાભ મળે. અટકેલા કામમાં અચાનક ગતિ આવશે.
કર્ક (ડ,હ,): મનોરંજન યાત્રા થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. પ્રેમમાં પ્રગતિ થાય. શેર બજારમાં લાભ થાય.
સિંહ (મ,ટ,): નવાં કામમાં પ્રગતિ થાય. જમીન, મિલકતના સોદા થઈ શકે છે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય.
કન્યા (પ,ઠ,ણ,): નવા ફેરફારથી લાભ થાય. દલાલીની આવક વધે. ટેકનોલોજીને લગતા કામમાં સફળતા મળે. આવક વધે.
તુલા (ર,ત,): સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. રચનાત્મક કામ સબળ બને. ઉધરાણી આવે. નવાં રોકાણ થાય.
વૃશ્ચિક (ન,ય,): કામનો બોજ રહે. નવા કામ મળે. વાદ-વિવાદથી અશાંતિ થાય. સમાજમાં યશ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): થાકનો અનુભવ થાય. ખર્ચા વધે. પ્રવાસ થાય. અચાનક સફળતા મળે. ગુપ્ત ભય સતાવે.
મકર (ખ,જ,): અચાનક સફળતા મળે. મિત્રોનો સાથ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધે.
કુંભ (ગ,સ,શ,ષ,): ઉત્સાહજનક સમાચાર મળે. સમાજમાં યશ મળે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે.
મીન (દ,ચ,ઝ,થ,): શુભ સમાચાર મળે. વિદેશથી લાભ થાય. ધાર્મિક સાહિત્યના ધંધામાં લાભ થાય.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 09 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી, નવો ફેરફાર, નવી તક અને કામનો બોજ વધશે. સમાજમાં અશાંતિ રહે. આવક વધારવાની તક મળે. ઉમરલાયકના વિવાહ થાય. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. મિત્રો-વડીલોની મદદ સામાજીક, કાયદાકીય, વારસા, જાયદાદ વગેરેમાં મળે. સંતાનોના અભ્યાસ-કરીયરમાં ચડતી-પડતી રહે. નવાં ઘર, વાહન, મકાન, જમીનના કામમાં પ્રગતિ થાય. ટેકનોલોજીથી લાભ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિદેશનાં કામ ધીમા પડે. પ્રેમ વિવાહ કે ઉમરલાયક કે યોગ્ય પાત્રની અનુકૂળતા થાય. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉધરાણીની ચિંતા રહે. માર્ચ એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બર, મંગળ-ગુરુવાર- 9,18,27 તા. નવા કામ માટે અનુકૂળ રહેશે. ડીસેમ્બર-જાન્યુઆરી, શનિ-બુધવાર 8,17, 26 તારીખ નવા કામ માટે ટાળવી સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ પણ ટાળવો.

સુડોકુ - 'કૃતિ'

	૫	૨	૧	૬	૯	૩	૪	
૧								
૩	૪	૬			૫	૮	૧	૯
૯	૨	૪					૬	
૬			૩			૫		૪
૫	૭				૬	૯	૮	
	૩	૧				૬	૯	
	૬					૪	૭	૮
૪	૮	૯				૧		૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૬	૨	૯	૩	૧	૭	૮	૪
૭	૩	૧	૬	૯	૨	૫	૪	૮
૮	૯	૪	૭	૫	૩	૧	૬	૨
૫	૧	૭	૪	૨	૮	૬	૩	૯
૨	૮	૫	૩	૬	૯	૪	૧	૭
૬	૪	૩	૧	૭	૫	૯	૨	૮
૩	૭	૬	૨	૧	૪	૮	૯	૫
૯	૨	૮	૫	૪	૭	૩	૫	૬
૪	૫	૯	૮	૮	૬	૨	૭	૧

૮૩૨૩-૭૬૬૭ ક્રિષ્ટિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

દમ શ્વાસ

આમ તો દમ શ્વાસ ના રોગીને દહી, છાશ થી પરહેજ રાખવા કહેવાય છે, પણ આ એક ઉત્તર ભારતીય નુસખો છે. એક ગ્લાસ મઠા મા એક ચમચો શેકેલા અજમાનું ચૂર્ણ અને સિંધવ ભેળવી પીવું. વૈદ્યરાજ ની સલાહ જરૂર લેજો.